સ્પે. દિવાની મુકદ્દમા નંબર–૧/૨૦૧૯

આંક–૫ ની વાદીની દરમ્યાન મનાઈ હુકમની અરજી તળે હુકમ.

---

(૧) સદર કામે વાદીએ હાલનો દાવો દાખલ કરી દાવા અંર્તગત હાલની આંક–૫ ની કામચલાઉ મનાઈ અરજી દાખલ કરી રજુઆત કરેલ છે કે, અમો વાદી તે પ્રતિવાદી નં.૫ ના પુત્ર છીએ અને પ્રતિવાદી નં. ૬ અમારા ભાઈ છે. પ્રતિવાદી નં.૧ થી ૪ ના મર્હુમ જયંતીભાઈ છીમુભાઈના વારસદારો છે અને પ્રતિવાદી નં. ૭ થી ૯ ના મર્હુમ છીમુભાઈ નારાણભાઈ તથા મર્હુમ લખીબેન છીમુભાઈનાં સંતાનો છીએ અને પ્રતિવાદી નં.૧૦ થી ૧૯ ના જુદી–જુદી જમીનોના ખરીદનારાઓ છે. અમો વાદીએ જ દાવાવાળી જમીનોની વહેંચણી અંગે હાલનો આ દાવો દાખલ કરેલ છે. તે જમીનોની વિગત નીચે શીડયુલમાં જણાવ્યા મુજબ છે.

<u>ગામ મોજે ગભેણી, તા.મજુરા, જી. સુરતમાં આવેલ જમીનોની વિગત.</u>

અ.નં.	સર્વે નંબર	બ્લોક નંબર	ક્ષેત્રફળ (ચો.મી.)
૧	૩૬૫/૨, ૩૬૪	૪૧૯	૧૦૨૨૭.૦૦
૨	૧૨૦	૧૫૩	૭૧૩.૦૦
૩	૩૫૫, ૪૨૩	૪૦૬	૬૭૭૮.૦૦
૪	૩૫૭, ૪૨૫	૪૦૮	૧૧૦૫૯.૦૦
૫	૧	૧	૧૦૨૨૭.૦૦
૬	૩૭૧/૪	૪૩૮	૭૪૯૨.૦૦

ઉપરોકત જમીનોમાં વાદીના પહોંચતા વણવહેચાયેલ હકક હીસ્સાની જમીન......

દાવાવાળી તમામ જમીનો ફોરફાધર્સથી વડીલોપાર્જીત ઉતરી આવેલી છે અને જમીનોના સહમાલીકો વચ્ચે કોઈ પણ વખત જમીનોની વહેંચણી દરેકના હીસ્સા પ્રમાણે થયેલ નથી અને વાદીનો દાવાવાળી તમામ જમીનોમાં વણવહેંચાયેલ હકક હીસ્સો ચાલી અવેલ છે. જેથી ખેતીની જમીનોમાં એક સહમાલીક પોતાનો વણવહેંચાયેલ હકક હીસ્સો અન્ય સહમાલીકોની લેખીત સંમતી વીના ત્રાહીત ઈસમને તબદીલ કરી શકતા નથી. તેમજ સગીરોના હકક હીસ્સા પણ તેના માલીકોને નામદાર ડીસ્ટ્રીકટ કોર્ટની લેખીત પરવાનગી વીના વેચાણથી તબદીલ કરવાનો હકક કે અધીકાર નથી. તેમ છતા દાવાવાળી જમીનો બાબત કાયદા વિરૂધ્ધ, ગેરકાયદેસરના વેચાણ વ્યવહારો થયેલા હોવાનું હમારી જાણમાં હાલમાં આવેલ છે. તેમજ હમારા પહોંચતા હકક હીસ્સાની જમીન અંગે હમારી માતૃશ્રીએ જે વેચાણ વ્યવહારો કર્યા હોય તે વેચાણ વ્યવહારોમાં હમારી માતૃશ્રીને ધારો કે, વેચાણ અવેજ મળ્યો હોય તો પણ તેમાંથી હમારા હીસ્સાની વેચાણ અવેજની રકમ હમારી માતૃશ્રીએ અલગથી રાખેલ નથી કે પુખ્તવયના થતા હમોને આપેલ નથી. તેમજ હમારી માતૃશ્રીએ જે કીંમતે વેચાણ વ્યવહારો કર્યો હોય તેવી કીંમત પણ હમોને કબુલ, મંજુર કે બંધનકર્તા રહી શકતી નથી. જેથી દાવાવાળી તમામ જમીનોમાં હમારા પિતાશ્રીના પહોંચતા હકક હીસ્સામાં યાને ૧/૮ માં હકક હીસ્સામાં વાદીનો હકક હીસ્સો ચાલી આવેલ છે અને તે જમીન વાદી આ દાવાના પ્રતિવાદીઓ સાથે ભેગી રાખવા માંગતા નથી. કારણ કે, પ્રતિવાદીઓ હમારા હકક હીસ્સાની જમીન અંગે પણ કાયદા વિરૂધ્ધના કૃત્યો કરે છે. જેથી દાવાવાળી તમામ જમીનોની હદહુદથી વહેંચણ કરી વાદીના હકક હીસ્સાની જમીન

પ્રત્યક્ષ કબજાથી મેળવી લેવા હાલનો દાવો કરવાની ફરજ પાડેલ છે.

પ્રતિવાદી નં.૧ થી ૯ નાઓએ પ્રતિવાદી નં.૧૦ થી ૧૯ ના સાથે કરેલ તમામ વેચાણ વ્યવહારો ગેરકાયદેર છે.

તમામ વેચાણ દસ્તાવેજમાં પ્રતિવાદી નં.૧ તથા પ્રતિવાદી નં. ૫ નાએ સગીરોના વાલી તરીકે વેચાણ દસ્તાવેજો કરેલા છે અને તેવા સગીરોનો હિસ્સો વેચાણ કરતા અગાઉ પ્રતિવાદી નં.૧ તથા પ્રતિવાદી નં.૫ નાએ નામ. ડીસ્ટ્રીકટ કોર્ટની કોઈ પરવાનગી મેળવેલ નથી. તેમજ તમામ જમીનો ખેતીની જમીનો હોવા છતાં વણવહેંચાયેલ હકક હીસ્સાની જમીન તમામ સહમાલીકોની સહી સંમતી વીના ત્રાહીત ઈસમને તબદીલ થયેલા છે. આ રીતના કૃત્યો કરવાથી ધી ગાર્ડીયન એન્ડ વોર્ડશીપ એકટ તથા ધી ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એકટ તથા ટેનન્સી એકટની જોગવાઈઓનો ભંગ થયેલ છે અને તેમાં વાદીનો પહોંચતો હકક હીસ્સો પ્રતિવાદી નં.૫ નાને વેચાણથી તબદીલ કરવાનો કોઈ હકક કે અધીકાર નથી. જેથી તમામ વેચાણ દસ્તાવેજો ખોટા, કાયદા વિરૂધ્ધના, બીન અવેજી, બીન અમલી, અશુધ્ધબુધ્ધિપુર્વકના, નનેષ્ટ અને નલીટી હોવાથી તેવા તમામ વેચાણ દસ્તાવેજો નિરર્થક અને રદબાતલ ઠેરવવા પણ હાલનો દાવો કરેલ છે.

અમો વાદીનો જન્મ તા.૬/૮/૧૯૯૫ ના રોજ થયેલ છે અને પુખ્તવયના તા.૬/૭/૨૦૧૬ ના રોજ થયેલા છીએ અને પુખ્તવયના થયા બાદ હાલમાં રેવન્યુ દફતરેથી દાવાવાળી જમીનોને લગતા તમામ પુરાવાઓ મેળવ્યા ત્યારે દાવાવાળી જમીનો અંગે હમારી માતૃશ્રીએ કરેલ ખોટા અને કાયદા વિરૂધ્ધના કૃત્યોની જાણકારી હમોને થઇ હતી અને તેવી જાણકારી મળ્યા બાદ મળી શકતા

તમામ પુરાવાઓ રેવન્યુ દફતરેથી કઢાવીને હાલનો દાવો તાકીદે કરેલ છે. તેમજ થઈ ગયેલા વેચાણ દસ્તાવેજોમાં પણ જે વેચાણ કિંમત જણાવવામાં આવેલી છે તેમાં પણ મોટા ભાગના વેચાણ દસ્તાવેજોમાં વેચાણ અવેજ રોકડેથી ચુકવી આપેલાનું જણાવવામાં આવેલ છે અને કયા માલીકને કેટલી રકમ ચુકવી આપવામાં આવી તેવુ સ્પષ્ટપણે જણાવવામાં આવેલ નથી અને હમારી માતૃશ્રીને જો વેચાણ અવેજ આપવામાં આવ્યો હોય તો પણ હમારી માતૃશ્રીએ હમારા પહોંચતા હકક હીસ્સાની જમીનનો અવેજ અનામત મુકેલ નથી અને હમારી માતૃશ્રીએ વેચાણ અવેજ ચુકવવામાં જ નહી આવ્યો હોય તેવું પણ બની શકે છે. જેથી પણ તેવા વેચાણ દસ્તાવેજો બીનઅવેજી અને બીનઅમલી છે અને તેવા તમામ વેચાણ દસ્તાવેજો વાદી જે ચેલેન્જ કરીએ છીએ તે હમારો દાવો ધી લીમીટેશન એકટની કલમ–૩ ના આર્ટીકલ નં. ૬૦(એ) મુજબ મુદતમાં હાલનો આ દાવો છે અને હાલના આ દાવાને મુદતના નિયમનો બાધ નડતો નથી.

ઉપરોકત હકીકતમાં વાદીનો આ પ્રાયમાફેસી કેસ છે, બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ હમો વાદીના લાભમાં છે અને આ દાવાના પ્રતિવાદીઓએ તેઓના સગીર વારસોની અવગણના કરી સગીરોને મોટી નુકશાનીમાં ઉતાર્યા છે અને પ્રતિવાદી નં.૧૦ થી ૧૯ ના પોતાના કહેવાતા વેચાણ દસ્તાવેજોના આધારે તેઓના કબજામાં જો જમીન આવેલી હોય તો તેવી જમીનમાં તેઓ પરવાનગીઓ મેળવી યા પરવાનગી વીના ખોદકામો, બાંધકામો તથા અન્ય પ્રકારના ડેવલોપમેન્ટ પણ કરે કરાવે તેમ છે. તેમજ તમામ પ્રતિવાદીઓ દાવાવાળી જમીનો અન્ય કોઈ ત્રાહીત ઈસમોને પણ વેચાણ, ગીરો, બક્ષીસ, ભાડેથી યા હરકોઈ રીતે તબદીલ કરે કરાવે તેમ છે અને જમીનોના કબજામાં પણ ત્રાહીત ઈસમોને દાખલ કરે–કરાવે તેમ છે અને તેવી કાર્યવાહીથી અનેક પ્રકારના મલ્ટી

પ્લીસીટી ઓફ પ્રોસીડીંગ્સ થાય તેમ છે અને તેવા કૃત્યોથી પણ વાદીને નાંણાથી પણ બદલો નહી મળે તેવું ગંભીર પ્રકારનું નુકશાન થાય તેમ છે. જયારે આ દાવાના પ્રતિવાદીઓને કાયદા વિરૂધ્ધના તેવા કૃત્યો જ કરવાનો કોઈ હકક કે અધિકાર નહિ હોવાથી તમામ પ્રતિવાદીઓ વિરૂધ્ધ માંગ્યા મુજબનો જાથુકી મનાઈહુકમ આપવામાં આવે તો પ્રતિવાદીઓને કોઈ નુકશાન થાય તેમ નથી અને ન્યાયની નેમ જળવાય તેમ છે. માટે આ દાવાના તમામ પ્રતિવાદીઓ વિરૂધ્ધ જાથુકી મનાઈહુકમ મેળવવા પણ દાવો કરેલ છે અને દરમ્યાન મનાઈહુકમ માટે હાલની આ અરજી આપેલ છે.

આ સાથેના દાવાને ચાલતા સ્વાભાવીક રીતે સમય લાગે તેમ છે અને આ દાવાના પ્રતિવાદી નં.૧ થી ૯ નાઓએ ખોટા અને કાયદા વિરૂધ્ધના વેચાણ વ્યવહારો કરી પ્રતિવાદી નં.૧૧ થી ૧૯ નાનું ખોટી રીતનું હકક હિત ઉત્પન્ન કરેલ છે અને હમો વાદીનો દાવાવાળી તમામ જમીનોમાં વણવહેંચાયેલ હકક હિસ્સો પહોંચે છે અને વાદીને દાવામાં જીતવાના ઉજળા સંજોગો છે. પરંતુ દાવામાં કાંઈ પણ હુકમનામુ થઈ શકે તેમ છે અને તેવું હુકમનામુ પેપરડીક્રી બની ન રહે તે હેતુથી પણ તમામ પ્રતિવાદીઓને ખોટા અને કાયદા વિરૂધ્ધના કૃત્યો કરતા અટકાવવાની જરૂર છે અને તે માટે આ દાવાના તમામ પ્રતિવાદીઓ વિરૂધ્ધ માંગ્યા મુજબનો દરમ્યાન મનાઈહુકમ આપવાની ખાસ જરૂર છે. કારણ કે, જો માંગ્યા મુજબનો મનાઈહુકમ આપવામાં ન આવે તો વાદીને નાણાંથી પણ બદલો નહિ મળે તેવું ગંભીર પ્રકારનું નુકશાન થાય તેમ છે. જયારે પ્રતિવાદીઓ વિરૂધ્ધ દરમ્યાન મનાઈહુકમ આપવામાં આવે તો તેઓને કોઈ નુકશાન થાય તેમ નથી અને ન્યાયની નેમ જળવાય તેમ છે. માટે પણ આ દરમ્યાન મનાઈઅરજી મંજુર કરવાની જરૂર છે.

<u>સબબ, વાદી દાદ માંગીએ છીએ કે........</u>

આ દાવાના તમામ પ્રતિવાદીઓ પોતે જાતે તથા પોતાના માણસો, એજન્ટો વિગેરે ધ્વારા હસ્તે–પરહસ્તે દાવા તથા મનાઈઅરજીના પેરા–ર માં જણાવેલ દાવાવાળી તમામ સંપુર્ણ જમીનો વેચાણ, ગીરો, બક્ષીસ, ભાડેથી યા અન્ય રીતે તબદીલ કરે–કરાવે નહિ તેમજ દાવાવાળી જમીનોના પ્રત્યક્ષ કબજા અન્ય કોઈને કોઈ પણ પ્રકારે સુપ્રત કરે–કરાવે નહિ તેમજ દાવાવાળી જમીનોમાં કોઈ પણ પ્રકારના ખોદકામો, બાંધકામો, ડેવલોપમેન્ટ વિગેરે કરી કરાવી હાલની આકાશી ખુલ્લી જમીનોની ઓળખાણ બદલાય જાય તેવા કૃત્યો કરે કરાવે નહિ કે હમો વાદીના ચાલી આવેલ હકક હિસ્સામાં હરકત, અટકાયત કે ન્યુનતા કરે કરાવે નહિ કે કાયદા વિરૂધ્ધના અન્ય કોઈ પણ જાતના કૃત્યો કરે–કરાવે નહિ તે રીતનો તમામ પ્રતિવાદીઓ વિરૂધ્ધ દાવાનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી દરમ્યાન મનાઈહુકમ અપાવવા નમ્ર અરજ છે.

(૨) વાદીની દાવા અરજી તથા હાલની અરજી દાખલ થતાં પ્રતિવાદીઓને સમન્સ નોટીસ કાઢવામાં આવેલી. જે તેઓને બજી ગયેલ હોય, તેથી સદર કામના પ્રતિવાદી નં. ૧૮ (એ) થી ૧૮ (ઈ) નાઓ તરફે આંક–૨૪ થી જવાબ રજુ કરેલ છે તેઓએ તેમના જવાબમાં વાદીની અરજીની હકીકતોનો મહદ્અંશે ઈન્કાર કરેલ છે.

વધુમાં તેઓએ જણાવેલ છે કે, વાદીની દાવાઅરજી તથા મનાઈ અરજીના પેરા નં.૧ અંગે તેમાં લખેલી હકીકતો વાદીએ સાબીત કરવાની જરૂર છે.

વાદીની અરજીના પેરા નં.૨ અંગે પ્રતિવાદીએ તેમાં લખેલી હકીકતોનો ઈન્કાર કરી વધુમાં જણાવેલ છે કે, અમારે દાવાવાળી મિલ્કત પૈકી સર્વે

નં.૩૫૭,૪૨૫ બ્લોક નં.૪૦૮ પુરતો નિસ્બત છે. અમોએ આ જમીન કાયદેસરના રજીસ્ટર વેચાણ દસ્તાવેજથી શુધ્ધ બુધ્ધીથી ખરીદેલ છે. વાદીએ હાલનો દાવો ૧૬ વર્ષ બાદ ચેલેન્જ કરેલ છે. જે લીમીટેશન એક્ટ આર્ટીકલ ૬૦ ની જોગવાઈઓ જોતા સમય મર્યાદા બહારનો છે.

વાદીની અરજીના પેરા–૩ની હકીકતોનો ઈન્કાર કરી જણાવેલ છે કે, વાદીની સગીર અવસ્થા અંગેની તકરાર કાયદાની જોગવાઈઓ વિરૂધ્ધ છે તેમજ વાદીએ પુખ્ત વયના થયા બાદ પણ સમય મર્યાદામાં હાલનો દાવો દાખલ કરેલ નથી. પ્રતિવાદી નં.૬ નાએ સગીર વયના હોવા બાબતે કોઈ તકરાર લીધેલ નથી.

વાદીની અરજીના પેરા નં.૪ ની હકીકતોનો ઈન્કાર કરી વધુમાં જણાવેલ છે કે, વારસદારોના નામો વાદીએ સાબીત કરવાની જરૂર છે. વાદીના પિતા ગુજરી ગયા બાદ વાદીના માતા પ્રતિવાદી નં.૫ નાએ વાદીના કુદરતી વાલી તરીકે અને માતા તરીકે જે વ્યવહારો વાદીના હીતમાં વર્ષો અગાઉ કરેલા જે તે તમામ વ્યવહારો વાદી અને પ્રતિવાદી નં.૬ અને અન્ય તમામને બંધનકર્તા છે.

વાદીની દાવાઅરજી તથા મનાઈઅરજીના પેરા–૫ તથા પેરા–૬ માંની હકીકતોનો ઈન્કાર કરી વધુમાં જણાવેલ છે કે, કુલ ૨૩૯૮૦.૮૩ ચો.મી ની જમીન આ દાવાના મર્હુમ પ્રતિવાદી નં.૧૦ નાને વેચાણ આપી દીધેલ હોવાની વીગત અંગે જણાવવાનું કે પ્રતિવાદીઓ દાવાવાળી મોજે ગભેણીની બ્લોક નં.૪૦૮ વાળી કુલ ૧૧૦૫૯ ચો.મી. જમીનના માલીક સને–૨૦૦૧–૦૨ ના વર્ષથી રજી. વેચાણ દસ્તાવેજને આધારે થયેલ અને તે રીતે જમીનના રાઈટ ટાઈટલ ઈન્ટ્રેસ્ટ પ્રતિવાદીઓમાં ભળી ગયેલ. આમછતાં પ્રતિવાદી નં.૧૦ નાએ બ્લોક

નં.૪૦૮ વાળી જમીન સંબંધે કહેવાતો દસ્તાવેજ પોતાના લાભમાં સને–૨૦૦૭ માં જે કરાવેલ છે તે કહેવાતો દસ્તાવેજ બ્લોક નં.૪૦૮ પુરતો ખોટો, વ્યર્થ અને નલીટી છે કારણ કે આ કહેવાતો દસ્તાવેજ બ્લોક નં.૪૦૮ પુરતો કરી આપવાનો કોઈને પણ હકક કે અધિકાર હતો નહી કારણ કે જમીનના સંપુર્ણ માલીક અને કબજેદાર મર્હુમ લાલુભાઈ માવજીભાઈ ઉમરીગર થયેલા અને તેમના મરણ બાદ તેમના વારસદાર તરીકે અમો પ્રતિવાદીઓ જમીનના માલીક થયેલ છે જમીનનો પ્રત્યક્ષ કબજો ભોગવટો પણ સને–૨૦૦૧–૦૨ થી પ્રતિવાદીઓનો ચાલી આવેલ જમીનનું મહેસુલ પણ અમો પ્રતિવાદીઓ ભરપાઈ કરીએ છીએ જમીનનો કબજો વપરાશ માલીકની હેસીયતથી અમો પ્રતિવાદીઓનો ચાલી આવેલ છે આ તમામ હકીકત હોવા છતા પ્રતિવાદી નં.૧૦ નાએ બ્લોક નં.૪૦૮ સંબંધે જે કહેવાતો દસ્તાવેજ અમો પ્રતિવાદીઓને પ્રસ્થાપિત હકકોથી ઉપરવટ જઈ ઉભો કરેલ કરાવેલ છે તે કહેવાતો દસ્તાવેજ નોનેષ્ટ, મુળથી રદ અને ગુનાહીત છે આ કહેવાતો દસ્તાવેજ કરાવી લ ેનાર તથા કરી આપનાર તે તમામે ગુનાહીત ષડયંત્ર કરી કહેવાતો દસ્તાવેજ ઉભો કરેલ છે જેનાથી પ્રતિવાદી નં.૧૦ ને કોઈ હકકો પ્રાપ્ત થતા નથી અને અમો પ્ર તિવાદીઓની કાયદેસરના હકકોમાં કોઈ ન્યુનતા ઉપસ્થિત થતી નથી. આ કહેવાતા દસ્તાવેજની અમો પ્રતિવાદીઓને કોઈ જાણ કે માહીતી હતી નહી પરંતુ આ દાવા થકી આ કહેવાતા દસ્તાવેજની જાણ થયેલ છે આમ અમો પ્રતિવાદીઓની માલીકીની જમીન બ્લોક નં.૪૦૮ સંબંધે કુલે ક્ષેત્રફળ પૈકી ૯૨૧૫.૮૩ ચો.મી. જે કહેવાતો દસ્તાવેજ નં.૧૩૩૮૨ તા.૦૨/૦૭/૨૦૦૭ ના દીને નોંધાયેલ છે તે કહેવાતો દસ્તાવેજ બ્લોક નં.૪૦૮ પુરતો ખોટો, વ્યર્થ, નોનેષ્ટ અને નલીટી છે જે સંબંધે જરૂર પડયે તેવી કાયદેસરની કાર્યવાહી કરીશું.

વાદીની દાવાઅરજી તથા મનાઈઅરજીના પેરા– ૭ અને ૮ ની

હકીકતોનો ઈન્કાર કરેલ છે.

વાદીની દાવાઅરજી તથા મનાઈઅરજીના પેરા–૯ ની હકીકતોનો ઈન્કાર કરી વધુમાં જણાવેલ છે કે,વાદીની આવી તમામ તકરાર ખોટી, ઉપજાવી કાઢ ેલી અને મુદત બહારની છે કારણ કે દાવાવાળી બ્લોક નં.૪૦૮ વાળી જમીન અમો પ્ર તિવાદીઓએ કાયદેસર રીતે દસ્તાવેજથી ખરીદ કરી છે. બ્લોક નં.૪૦૮ સંબંધે પ્ર તિવાદી નં.૯(એ)(બી)(સી) એટલે કે મર્હુમ લલીતાબેન છીમુભાઈ પટેલના વારસદારોએ ડીડ ઓફ કન્ફર્મેશનનો લેખ અમો પ્રતિવાદીના લાભમાં કરી આપેલ છે જે લેખ સબ રી. સુરત ૮ ની કચેરીમાં અનુક્રમ નં.૨૨૯ થી તા.૧૮/૦૩/૨૦૧૪ ના રોજ નોંધાયેલ છે જે લેખ વિરૂધ્ધની વાદીની તકરાર પણ ખોટી છે વધુમાં પ્રતિવાદી નં.૯(એ)(બી)(સી) એ અમો પ્રતિવાદીઓનો વેચાણ વહેવાર તથા દસ્તાવેજ કબુલ રાખેલ છે અને તેની કબુલાતના ભાગરૂપે ઉપર જણાવેલો કન્ફર્મેશનનો લેખ કરેલ છે તથા તા.૧૪/૦૩/૨૦૧૪ ના રોજનો એક કુલમુખત્યારનામાનો લેખ પણ પ્રતિવાદીના લાભમા લખી આપેલ છે જે કુલમુખત્યારનામુ નોટરી પબ્લીક શ્રી પ્રશાંત સરૈયા રૂબરૂ અનુક્રમ નં.૩૬૮ થી તા.૧૪/૦૩/૨૦૧૪ ના રોજ નોંધાયેલ છે સદર ડીડ ઓફ કન્ફર્મેશનો લેખ તથા કુલમુખત્યારનામું અલગ લીસ્ટથી રજુ કરેલ છે વાદીએ ડીડ ઓફ કન્ફર્મેશન સંબંધે વાદીએ જે તકરાર ઉપસ્થિત કરી છે અને જે દાદ માંગેલ છે તે ખરી નથી સદર લેખ સંબંધે તકરાર કરવાનો વાદીને કોઈ હકક નથી સદર લેખ કરી આપનાર પ્ર તિવાદી નં.૯(એ)(બી)(સી) નાએ આજદીન સુધી કોઈ તકરાર કરેલ નથી કે સદર પાવર ઓફ એટર્ની પણ રદ કરેલ નથી કે તે સંબંધે પણ કોઈ તકરાર કરેલ નથી આમ વાદીએ સદર પેરામાં જે કહેવાતી તકરારો ઉપસ્થિત કરી છે તે હકીકત અને દસ્તાવેજી પુરાવાથી વિપરીત અને ખોટી છે.

વાદીની દાવાઅરજી તથા મનાઇ અરજીના પેરા નં.૧૦ ની હકીકતોનો ઇન્કાર કરી વધુમાં જણાવેલ છે કે, ઉપરોક્ત તમામ વેચાણ દસ્તાવેજમાં પ્રતિવાદી નં.૧ તથા પ્રતિવાદી નં.૫ ના એ સગીરોના વાલી તરીકે વેચાણ દસ્તાવેજો કરેલા હોવાની વિગત અંગે જણાવવાનુ કે વાદીની આ એકની એક તકરાર કાયદાની જોગવાઇ વિરૂધ્ધની છે જો વાદીને આ વહેવારથી કોઇ નુકશાન થયેલ હોત કે તેના હક્કોથી વિપરીત વ્યવહાર કરવામાં આવેલ હોત તો વાદીએ ચોક્કસ પણે સમય મર્યાદામાં કાર્યવાહી કરેલ હોત અને વાદી બેસી રહ્યા ન હોત. તેમજ સગીરોનો હિસ્સો વેચાણ કરતા અગાઉ પ્રતિવાદી નં.૧ તથા ૫ નાએ નામદાર ડિસ્ટ્રીક્ટ કોર્ટની કોઇ પરવાનગી મેળવેલ ન હોવાની વિગત અંગે જણાવવાનુ કે વાદીની આ રજુઆત કાયદાના સિધ્ધાંતો વિરૂધ્ધની છે તેમજ તમામ જમીનો ખેતીની હોવા છતા વણવહેચાયેલ હક્ક હીસ્સાની જમીન તમામ સહમાલીકોની સહી સંમતી વિના ત્રાહીત ઇસમને તબદીલ થયેલા હોવાની વિગત ખરી નથી અને કબુલ નથી. તેમજ આ કૃત્યો કરવાથી ધી ગાર્ડીયન એન્ડ વોર્ડશીપ એક્ટ તથા ધી ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એક્ટ તથા ટેનન્સી એક્ટની જોગવાઇઓનો ભંગ થયેલ હોવાની વિગત ખરી નથી અને કબુલ નથી તેમજ વાદીનો કહેવાતો પહોંચતો હક્ક હીસ્સો પ્રતિવાદી નં.૫ નાને વેચાણથી તબદીલ કરવાનો કોઇ હક્ક કે અધિકાર ન હોવાની વિગત ખરી નથી અને કબુલ નથી. તેમજ તમામ વેચાણ દસ્તાવેજો ખોટા, કાયદાના વિરૂધ્ધના , બીન અવેજી , બીનઅમલી, અશુધ્ધીપુર્વકના, નોનેષ્ટ અને નલીટી હોવા હોવાની વિગત તેમજ તમામ વેચાણ દસ્તાવેજો નિર્થક અને રદબાતલ ઠેરવવા હાલનો દાવો કરેલ હોવાની વિગત ખરી નથી અને કબુલ નથી.

વાદીની દાવાઅરજી તથા મનાઇઅરજીના પેરા–૧૧ની હકીકતોનો ઇન્કાર કરી વધુમાં જણાવેલ છે કે, સદર પેરામાં વાદીએ જે વિગતો જણાવેલ

છે તે કાયદાની મુળભૂત જોગવાઈઓ વિરૂધ્ધની છે.

વાદીની દાવાઅરજી તથા મનાઈઅરજીના પેરા–૧૨ની હકીકતોનો ઈન્કાર કરી વધુમાં જણાવેલ છે કે, સદર જમીનના અમો પ્રતિવાદીઓ કાયદેસરના વહેવારથી અને રજી.વેચાણ દસ્તાવેજને આધારે માલીક અને કબજેદાર થયેલ છે. પ્રતિવાદીઓએ કિંમતી અવેજ ચુકવી જમીન ખરીદેલ છે. આ અવેજનો ઉલ્લેખ રજી.વેચાણ દસ્તાવેજમાં કરવામાં આવેલ છે. વાદીને ૧૬ વર્ષ ઉપરાંતના સમય બાદ હાલનો દસ્તાવેજ ચેલેન્જ કરવાનો કોઇ હક્ક નથી. વાદીના મુદત બહારના દાવાને આધારે પ્રતિવાદીઓ વિરૂધ્ધ કોઈ પણ હુકમ ફરમાવવામાં આવે તો પ્રતિવાદીને ભારોભાર નુકશાન થાય તેમ છે. વાદી અને પ્રતિવાદી નં.૫,૬ એકજ ઘરમાં રહે છે અને પ્રતિવાદીઓએ વર્ષો પહેલા ખરીદ કરેલ જમીનના ટાઇટલ ધુંચવાડા ઉભા કરવાના આશયથી વાદી અને તમામ પ્રતિવાદીઓ ભેગા મળી હાલનો દાવો દાખલ કરેલ છે તેમ કરી તમામ પક્ષકારો કાયદેસરના ખરીદનારાઓને બ્લેકમેઈલ કરી નાણા પડાવવાનો બદઈરાદો ધરાવે છે પોતાનો આ બદઈરાદો પાર પાડવા વાદી અને પ્રતિવાદીઓ એકબીજાની સાંઠગાંઠમાં છે અને સાથ સહકાર આપી રહ્યા છે. પોતાનો આ ઈરાદો પાર પાડવા નામદાર કોર્ટના પ્રોસેસનો મીસયુઝ કરી રહ્યા છે આમ વાદી ચોખ્ખા હાથે આવેલ નથી. તેને બદલે નામદાર કોર્ટની પ્રક્રીયાનો દુરઉપયોગ પોતાના અંગત સ્વાર્થ ખાતર કરી રહ્યા છે અન્યથા વાદીને કોઈ દેખીતો અન્યાય કે નુકશાન થયેલ હોત તો વાદીએ પુખ્તવયના થયા બાદ તાત્કાલીક ધોરણે દાવો કરેલ હોત બેસી રહ્યા ન હોત. ઉપરાંત કાયદો બેસી રહેનારને મદદ કરતો નથી. વાદી વર્ષો બાદ ઈક્વીટેબલ કે ડિસ્ક્રીશનરી દાદ મેળવવા હક્કદાર થતા નથી. આમ વાદીનો કેસ પ્રમાણીક કે પ્રથમદર્શનીય નથી તેને બદલે અમો પ્રતિવાદીઓનો કેસ ચોક્કસ દસ્તાવેજી પુરાવાઓ પર આધારીત

છે. બેલન્સ ઓફ કન્વીનીયન્સ પણ અમો પ્રતિવાદીઓના લાભમાં છે. દાવાવાળી જમીન કાયદેસરના દસ્તાવેજથી ખરીદ કરેલ છે જેમાં વાદીના ખોટા દાવાના કારણે કોઈ પણ પ્રકારનો પ્રતિબંધીત હુકમ ફરમાવવામાં આવે તો પ્રતિવાદીને દેખીતુ નુકશાન થાય તેમ છે. દાવાવાળી જમીનમાં અમો ખેતી કરીએ છીએ અને અવેજ ચુકવી વર્ષો પહેલા ખરીદ કરેલ છે અને જેમાં વાદી હરકત અંતરાય કરવા માંગે છે અને તેમનો ઈરાદો ફક્ત અણહક્કના નાણા પડાવવાનો જ છે જેથી તેમની દાવાઅરજી તથા મનાઈઅરજી રદ કરવાની જરૂર છે.

વાદીની દાવા અરજી તથા મનાઈઅરજીના પેરા–૧૩ની હકીકતોનો ઈન્કાર કરી વધુમાં જણાવેલ છે કે, દાવાવાળી બ્લોક નં.૪૦૮ વાળી જમીનના માલીક તરીકે અને કબજેદાર તરીકે જમીન વપરાશ કરવાનો તેનો નિભાવ નિકાલ વ્યવસ્થા કરવાનો તેમાં ખેતીકામ કરી ઉપજ નિપજ લેવાનો પ્રતિવાદીઓના હક્ક છે જેમાં વાદી કોઈ અંતરાય ઉભી કરી શકતા નથી કે પ્રતિવાદીઓના હક્કોમાં ન્યુનતા આવે તેવી કોઈ માંગણી કરવા પણ વાદી હક્કદાર નથી. વાદીની વર્તુણંક અને દાવાવાળી જમીનની હાલની સ્થિતી ધ્યાને લેવામાં આવે તો દાવાવાળી બધી જમીનો વેચાઈ ગયેલ છે પરંતુ શહેર સુરતનો વિકાસ થતા અને જમીનના ભાવો વધી જતા વાદી અને અન્ય પ્રતિવાદીઓને બદદાનત થયેલ છે અને તેઓ વેચાઈ ગયેલી જમીનના ટાઈટલમાં ઘોંચ ઉભી કરવા પ્રયત્નશીલ છે અને તેમ કરી વધુ નાણા પડાવવા અને પોતાનુ ધારેલુ સમાધાન કરાવી અણહક્કના નાણા ઉભા કરવાનો વાદી અને પ્રતિવાદીઓએ કારસો રચેલ હોય તેવુ સ્પષ્ટ જણાઈ આવે છે તેવા સંજોગોમાં વાદીની તરફેણમાં કોઈપણ હુકમ કરવામાં આવે તો ખોટુ કરનાર અને ખોટા દાવા કરનારને પ્રોત્સાહન મળે તેવી પરિસ્થિતીનુ નિર્માણ થાય તેમ છે અને નામદાર કોર્ટના પ્રોસેસનો એબ્યુઝ કરનારને ઉત્તેજન મળે તેમ છે જેથી સદર

પેરામાં વાદીએ જે માંગણીઓ અને અરજ કરેલ છે તે ખર્ચ સહીત નામંજુર કરવાની જરૂર છે.

વાદીની દાવા અરજી તથા મનાઈઅરજીના પેરા–૧૪ની હકીકતોનો ઈન્કાર કરેલ છે.

(૩) સદર પ્રતિવાદી નં. ૧૭ તથા ૧૯ નાઓ તરફે આંક–૩૩ થી જવાબ રજુ કરેલ છે અને તેમાં તેઓએ જણાવેલ છે કે, અરજીના પેરા–૩ થી ૬ બાબત જણાવવાનું કે, સદરહું પેરેગ્રાફમાં જણાવેલી જમીન બાબતે હમોને કંઈ લાગતું વળગતું નથી. અરજીના પેરા–૭ તથા ૮ માં જણાવેલી જમીનના જ હમો પ્ર તિવાદીના લાભમાં દસ્તાવેજ થયેલા છે. તે દસ્તાવેજો કાયદેસરના છે તે અંગે જે કંઈ હીસ્ટ્રીઓ વાદીએ જણાવેલી છે તે ખોટી અને ગેરકાયદેસરની છે. બ્લોક નં.૧ તથા ૪૩૮ વાળી જમીનના હમારા લાભમાં થયેલા દસ્તાવેજો કાયદેસરના છે, તે દસ્તાવેજની વાદીને સેન–૨૦૧૫ માં જાણ હોવા છતાં અને તે અંગે વાદીએ અગાઉ દાવો કર્યો હોવા છતાં હાલનો ખોટો દાવો કેરલો છે, સદરહું દસ્તાવેજો વંચાણે લેતા તે વેચાણ સગીરના હીત અને ફાયદામાં હોવાનું તેના કુદરતી વાદી તેના માતૃશ્રીએ કબુલ રાખેલું છે. દરેક સગીરનો હીસ્સો વેચાણ કરતા પહેલા નામદાર ડીસ્ટ્રીકટ કોર્ટની પરવાનગી મેળવવાની વાદી જે તકરાર કરે છે તે ખોટી છે. સદરહું જમીનમાં વાદીનો હીસ્સો ઘણો નાનો હતો. વાદીના ભરણપોષણ, જીવનનિર્વાહ તથા અભ્યાસ માટે તેમાંથી પુરતી આવક થતી ન હોવાથી તે મીલકત વેચવી સગીરના હીત અને ફાયદામાં હોવાનું તેમના માતૃશ્રીએ જણાવીને વેચાણ દસ્તાવેજ કરી આપેલો છે અને તે દસ્તાવેજમાં તે મુજબનો ઉલ્લેખ કરેલો છે, તેથી પ્રતિવાદી નં.૫ કે જેઓ વાદીના માતૃશ્રી થાય છે

તેઓને વેચાણ કરવાનો કોઈ હકક કે અધિકાર ન હોવાની વાદીની તકરાર ખોટી છે. કરવામાં આવેલો દસ્તાવેજ સગીરના હીત અને ફાયદામાં હોવાથી તે સગીરને તમામ રીતે બંધનકર્તા નથી.

અરજીના પેરા–૧૧ બાબત જણાવવાનું કે, જો વાદીનો જન્મ તા.૦૬/૦૮/૧૯૯૫ ના રોજ થયો હોય તો વાદી તા.૦૬/૦૮/૨૦૧૩ ના રોજ પુખ્ત થયેલા ગણાય. વાદીએ જાણી જોઈને પોતે તા.૦૬/૦૮/૨૦૧૬ ના રોજ પુખ્ત થયા હોવાની હકીકત સોંગદ ઉપર જણાવેલી છે. કઈ રીતે વાદી તા.૦૬/૦૮/૨૦૧૬ ના રોજ પુખ્ત થાય તેનો કોઈ આધાર જણાવ્યો નથી. મતાધિકાર પણ ૧૮ વર્ષ પ્રાપ્ત થાય છે. તેથી ૧૮ વર્ષની વ્યકિત એ પુખ્ત વ્યકિતની વ્યાખ્યામાં આવે. વાદીએ સદરહુ પેરામાં તમામ હકીકતો ખોટી અને પાઠાફેર જણાવેલી છે. સને–૨૦૧૫ માં વાદીએ પ્રતિક જમુભાઈ પટેલને કુલમુખત્યારનામું આપ્યું ત્યારે જ તેઓ સદરહુ દસ્તાવેજથી માહિતગાર હતા. તેથી હાલમાં રેવન્યુ દફતરેથી દાવાવાળી જમીનને લગતા પુરાવાઓ મેળવ્યા હોવાના વાદીના કથન ખોટા, બનાવટી અને ઉપજાવી કાઢેલા છે. ખોટું સોગંદનામું કરવા બદલ વાદી ઉપર ફોજદારી રાહેના પગલાં ભરવાની જરૂર છે. હાલ પણ વાદી તથા તેના માતૃશ્રી ભેગા જ રહે છે તેમ છતાં માતૃશ્રી ઉપર ફકત નાણાં કઢાવવાના બદઆશયથી ખોટા આક્ષેપો કરેલા છે. વેચાણ દસ્તાવેજમાં ચૂકવેલો અવેજ રોકડો હોવાથી તે ગેરકાયદેસર થઈ શકતો નથી. પ્રતિવાદીઓ ઈન્કમટેક્ષ ભરીએ છીએ અને હમારા ઈન્કમટેક્ષ રીટર્નમાં પણ તેનો ઉલ્લેખ કરવામાં આવેલો છે. વેચાણ દસ્તાવેજ કરી આપનારાઓએ અવેજની કયા પ્રમાણસર વહેંચણી કરી ? તેની દસ્તાવેજ કરી આપનારાઓની જ હકીકતની ખબર પડે. હમોએ પૂરેપૂરો અવેજ ચૂકવી આપેલો છે. વાદીના માતૃશ્રીએ વાદીના હીસ્સાની અવેજની રકમ અનામત ન મૂકેલ હોવા અંગે હમારી કોઈ કસુર નથી. અવેજ ચુકવી આપ્યા જ ન હોવાના આક્ષેપ ખોટા છે.

દાવો લીમીટેશન એકટની કલમ–૩, આર્ટીકલ–૬૦(એ) મુજબ મુદતમાં હોવાની હકીકત પણ ખોટી છે. કારણ કે, વાદીએ પોતે પુખ્ત કયારેય થયા તેની ગણતરી જ સોગંદ ઉપર ખોટી બતાવેલી છે અને સને–૨૦૧૫ માં કુલમુખત્યાર મારફતે દાવો કર્યો ત્યારે વાદીને તે દસ્તાવેજની માહીતી હતી જ. તેથી પેરા–૧૧ ના તમામ જીકરોનો ભારપૂર્વક ઈન્કાર કરવામાં આવે છે.

અરજીના પેરા–૧૩ બાબત જણાવવાનું કે, વાદીનો પ્રાઈમાફેસી કેસ હોવાની અને બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીના લાભમાં હોવાની અને પ્રતિવાદીઓએ તેઓના સગીર વારસોની અવગણના કરી સગીરોને મોટી નુકશાનીમાં ઉતાર્યા હોવાની વિગેરે હકીકતો ખરી નથી અને કબુલ નથી. સદરહું ગભેણીના બ્લોક નં.૧ તથા ૪૩૮ વાળી જમીનના હમારા લાભમાં થયેલા વેચાણ દસ્તાવેજોને આધારે માલીક, મુખત્યાર તથા પ્રત્યક્ષ કબજેદાર હમો પ્રતિવાદીઓ ચાલી આવેલા હોય સદરહુ જમીનોની હરકોઈ રીતની વહીવટ વ્યવસ્થા કરવાનો હમો પ્રતિવાદીઓને સંપૂર્ણ હકક અને અધિકાર ચાલી આવેલા હોય વાદી માંગે છે તેવો મનાઈ હુકમ હમો પ્રતિવાદીઓ વિરૂધ્ધ મેળવવા હકકદાર નથી. પ્રતિવાદીની માલીકીની બ્લોક નં.૧ તથા ૪૩૮ વાળી જમીનોમાં વાદીનો કોઈ હકક, હીસ્સો જ ન હોય તેઓને નાણાંથી બદલો નહીં મળે તેવું ગંભીર પ્રકારનું નુકશાન થાય તેમ હોવાની વીગેરે હકીકતો ખરી નથી અને કબુલ નથી.

(૪) સદર કામે વાદીએ પ્રતિવાદી નં. ૧૭, ૧૯ ના લેખીત જવાબ સામે કાઉન્ટર એફીડેવીટ રજુ કરેલ છે. વાદીએ તેમાં જણાવેલ છે કે, જવાબના પેરા–૭, ૮ બાબત જણાવવાનું કે, વાદીએ પ્રતિકકુમાર જમુભાઈ પટેલને આપેલ કુલમુખત્યારનામું અમોએ રદ કરી દીધેલ છે અને તે અંગે અમોએ તા.૨૮/૧૧

/૨૦૧૮ ના રોજ પ્રતિકકુમાર જમુભાઈ પટેલને કુલમુખત્યારનામું રદ કર્યા અંગે લ ેખીતમાં જાણ રજીસ્ટર્ડ એડીથી કરેલ છે, કારણ કે, તે પ્રતિકકુમાર જમુભાઈ પટેલ અમારી જાણ બહાર અમારી જમીનો અંગે ખોટા કૃત્યો કરતા ચાલી આવેલ હતા અને તેથી જ રે. દિ. મુ. નં.૯૪૦ સને ૨૦૧૫ ના દાવા અંગે અમો વાદીને કોઈ જાત માહીતી નથી અને તે દાવામાં શું કાર્યવાહી થઇ છે, તેની પણ અમોને કોઈ જાતમાહીતી નથી. માટે અમો વાદીએ કોઈ સપ્રેશન ઓફ મટીરીયલ ફેકટસ કરેલ નથી. સને–૨૦૧૫માં હમો વાદીને પ્રતિવાદી નં.૧૭ ના લાભમાં થયેલ વેચાણ દસ્તાવેજની જાણકારી હોવાની વાત ખોટી છે અને લીમીટેશનનો પ્રશ્ન MIX QUESTION OF LAW & FACTS છે. PURE QUESTION OF LAW & FACTS નથી અને આંક–૫ ના તબકકે લીમીટેશનનો પ્રશ્ન ઘ્યાને લેવાતો નથી માટે અમો વાદીનો દાવો ઓર્ડર–૭, રૂલ–૧૧(ડી) મુજબ રદ થઈ શકતો નથી. હાલના પ્રતિવાદીના લાભમાં થયેલ વેચાણ દસ્તાવેજ ખોટો અને કાયદા વિરૂઘ્ઘનો જ ગણાય છે. તે અંગેના કારણો અમોએ દાવા અરજીમાં જણાવેલા જ છે અને જે સને–૨૦૧૫ ના દાવાની વાત કરે છે તે દાવો અમારા કુલમુખત્યારે અમારી જાણ બહાર કરેલ છે. તે દાવા અંગે અમો વાદીને કોઈ જાત માહીતી નથી અને હાલના પ્રતિવાદીના લાભમાં થયેલ વેચાણ દસ્તાવેજથી હમો વાદીને કોઈ લાભ થયેલ નથી અને અમારા હકક હિસ્સા અંગે અમારી માતાને કબુલાત આપવાનો કોઈ હકક કે અઘીકાર નથી અને સગીરનો હિસ્સો વેચાણ કરતા અગાઉ નામદાર ડીસ્ટ્રીકટ કોર્ટની પરવાનગી મેળવવી પડે તે રીતની કાયદામાં જોગવાઈ છે. માટે હમારી તેવી તકરાર ખોટી હોવાની વાત હાલના પ્ર તિવાદીની અણસમજ છે અને મોજે : ગભેણીના બ્લોક નં.૧ તથા ૪૩૮ ની જમીનમાં હમારો હકક હિસ્સો ઘણો નાનો હોવાની વાત ખોટી છે અને અમારા

માતૃશ્રી અમારી જાણ બહાર કાયદાકીય પ્રોવિઝન વિના વેચાણ દસ્તાવેજ કરાવી નાખે તેનાથી હાલના પ્રતિવાદીના વેચાણ દસ્તાવેજને કાયદેસરતા મળતી નથી અને સગીરના હીત અને ફાયદાનો ઉલ્લેખ વેચાણ દસ્તાવેજમાં કરવાથી પણ તેવા વેચાણ દસ્તાવેજને કાયદેસરતા મળતી નથી અને પ્રતિવાદી પોતે જ કબુલે છે કે સગીરનો હકક હીસ્સો વેચતા પહેલા અમારી માતાએ કાયદેસરની કોઈ કાર્યવાહી કરેલી નથી. માટે સદર પેરામાં લખેલ વાતો ખોટી છે.

જવાબના પેરા–૧૦ બાબતે જણાવવાનું કે, હમો વાદીની જન્મ તા. ૦૬/૦૭/૧૯૯૫ છે. અમારી જન્મ તા.૬/૮/૧૯૯૫ નથી. જે અંગે અમોએ અમારુ સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ પણ રજુ કરેલ છે અને હાલના પ્રતિવાદીના લાભમાં થયેલ કહેવાતો વેચાણ દસ્તાવેજ ૨૦૦૭ ની સાલનો છે અને ૨૦૦૭ ની સાલમાં હમો વાદીની ઉપર ૧૨ વર્ષની હતી એટલે હમો વાદી સગીર હતા માટે હાલના પ્રતિવાદીના લાભમાં થયેલ વેચાણ દસ્તાવેજને ધી ગાર્ડીયન એન્ડ વોર્ડસશીપ એકટની જોગવાઈઓનો સ્પષ્ટપણે બાધ નડે છે અને સને–૨૦૧૫ માં પ્રતિવાદીના કહેવાતા વેચાણ દસ્તાવેજ અંગે અમોને કોઈ માહીતી ન હતી અને પ્રતિક જમુભાઈ પટેલએ જો કોઈપણ કાર્યવાહીઓ કરેલી હોય તે અમોને બંધનકર્તા નથી અને તેવા પાવરદાર અમારા હિત વિરૂધ્ધના કૃત્યો કરતા હોવાથી અમોએ કુલમુખત્યારનામું રદ પણ કરેલ છે અને અમો વાદીએ કોઈ ખોટુ સોગંદનામું કરેલ નથી અને પ્રતિવાદીઓ ઈન્કમટેક્ષ ભરતા હોય તેનાથી અમારી હકીકતને કોઈ ફરક પડતો નથી અને ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એકટની જોગવાઈઓ મુજબ પણ ખરીદનારાઓએ તમામ ટાઈટલની ચકાસણી કરવાની હોય છે અને દાવાવાળી જમીન વડીલોપાર્જીત છે. જેથી હમારો હકક હીસ્સો કાયદામાં પ્રસ્થાપિત છે. તેમ છતાં હાલના પ્રતિવાદીઓએ પણ કાયદો હાથમાં લઈ ખોટા કૃત્યો કરેલા છે અને અમારા હકક હિસ્સા અંગે અમારી

માતાને વેચાણ અવેજ લેવાનો કોઈ હકક કે અધિકાર નથી અને અમારી માતૃશ્રીએ જે વેચાણ વ્યવહાર કરેલા છે તે અમોને કબુલ, મંજુર અને બંધનકર્તા રહી શકતા નથી અને અમારી હકીકતોના અનુસંધાનમાં હમારો દાવો લીમીટેશન એકટની કલમ–૩ ના આર્ટીકલ ૬૦(એ) મુજબ મુદતમાં જ ગણાય છે અને અમોએ કોઈ ખોટી ગણતરી સોગંદ ઉપર જણાવેલી નથી અને હાલના પ્રતિવાદી એકની એક વાતોનું પુનરાવર્તન કરે છે. તેનાથી અમારી વાતોને કોઈ ફરક પડતો નથી.

(૫) વાદી તરફે પોતાની હકીકતના સમર્થનમાં આંક–૩ ના લીસ્ટથી નીશાની–૩/૧ થી આનંદકુમાર કીશોરભાઈ પટેલના સ્કુલ લીવીંગ સર્ટીફીકેટની ઝેરોક્ષ, નીશાની–૩/૨ થી દાવાવાળી જમીન અંગે વાસંતીબેન રતીલાલ છીમુભાઈની પુત્રી વિગેરેનાઓ કનેથી ધનુબેન તે લલ્લુભાઈ માવજીભાઈની વિધવા વિગેરેનાઓએ લખાવી લીધેલ ડીડ ઓફ કર્ન્ફમેશનની અનુક્રમ નં.૨૨૯ ની આર.ટી.આઈ. હેઠળ મેળવેલ નકલની ઝેરોક્ષ, નીશાની–૩/૩ થી સવીતાબેન સુંદરભાઈ પટેલના મરણના પ્રમાણપત્રની ઝેરોક્ષ, નીશાની–૩/૪ થી રમેશભાઈ છીમુભાઈ પટેલના મરણના પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ, નીશાની–૩/૫ થી મોજે ગભેણી, તા.ચોર્યાસી, જી.સુરતના બ્લોક નં.૪૧૯ ની ગામ નમુના નં.૭×૧૨ પ્હાણીપત્રકની ખરી નકલની ઝેરોક્ષ, નીશાની–૩/૬ થી એજન, નીશાની–૩/૭ થી એજન જમીનની ગામ નમુના નં. ૮–અ જમીનની ખાતાવહીની ખરી નકલની ઝેરોક્ષ, નીશાની–૩/૮ થી એજન જમીનના ગામ નમુના નં.૬ હકકપત્રકમાં પડેલ એન્ટ્રી નં.૨૬૪૯ ની ખરી નકલની ઝેરોક્ષ, નીશાની–૩/૯ થી એજન એન્ટ્રી નં.૨૮૧૬ ની ખરી નકલ ઝેરોક્ષ, નીશાની–૩/૧૦ થી એજન એન્ટ્રી નં.૨૮૨૦ ની ખરી નકલ ઝેરોક્ષ, નીશાની–૩/૧૧ થી એજન એન્ટ્રી નં.૨૯૬૯ ની

ખરી નકલ ઝેરોક્ષ, નીશાની–૩/૧૨ થી એજન જમીન અંગે ઈશ્વરભાઈ નારણભાઈ પટેલના કુલમુખત્યાર ભીકેશ પાટીલ કનેથી ગીરીશચંદ્ર સંદરલાલ પટેલનાએ કરાવી લીધેલ વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં.૧૧૧૭૪ ની ખરી નકલની ઝેરોક્ષ, નીશાની–૩/૧૩ થી મોજે ગભેણી, તા.ચોર્યાસી, જી.સુરતના બ્લોક નં.૪૩૮ ની ગામ નમુના નં.૭×૧૨ પ્હીણપત્રકની ખરી નકલની ઝેરોક્ષ, નીશાની–૩/૧૪ થી એજન જમીનની ગામ નમુના નં.૮–અ જમીનની ખાતાવહીની ખરી નકલની ઝેરોક્ષ, નીશાની–૩/૧૫ એજન જમીનના ગામ નમુના નં.૬ હકકપત્રકમાં પડેલ એન્ટ્રી નં.૨૬૪૮ ની ખરી નકલની ઝેરોક્ષ, નીશાની–૩/૧૬ થી એજન એન્ટ્રી નં.૨૮૧૭ ની ખરી નકલ ઝેરોક્ષ, નીશાની–૩/૧૭ થી મોજે ગભેણી, તા.ચોર્યાસી, જી.સુરતના બ્લોક નં.૧૫૩ ની ગામ નમુના નં.૭×૧૨ પ્હાણીપત્રકની ખરી નકલની ઝેરોક્ષ, નીશાની–૩/૧૮ થી એજન જમીનની ગામ નમુના નં. ૮–અ જમીનની ખાતાવહીની ખરી નકલની ઝેરોક્ષ, નીશાની–૩/૧૯ થી એજન જમીનના ગામ નમુના નં.૬ હકકપત્રકમાં પડેલ એન્ટ્રી નં.૨૬૪૯ ની ખરી નકલની ઝેરોક્ષ, નીશાની–૩/૨૦ થી એજન એન્ટ્રી નં.૨૮૧૬ ની ખરી નકલ ઝેરોક્ષ,નીશાની–૩/૨૧ થી દાવાવાળી જમીન અંગે લખીબેન તે છીમુભાઈ નારણભાઈની વિધવા વિગેરેનાઓ કનેથી ઈશ્વરભાઈ નારણભાઈ પટેલ વિગેરેનાઓએ કરાવી લીધેલ વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં.૧૩૩૮૨ ની ખરી નકલની ઝેરોક્ષ, નીશાની–૩/૨૨ મોજે ગભેણી, તા.ચોર્યાસી, જી.સુરતના બ્લોક નં.૧ ની ગામ નમુના નં.૭×૧૨ પ્હાણીપત્રકની ખરી નકલની ઝેરોક્ષ, નીશાની–૩/૨૩ થી એજન જમીનની ગામ નમુના નં. ૮–અ જમીનની ખાતાવહીની ખરી નકલની ઝેરોક્ષ, નીશાની–૩/૨૪ થી એજન જમીનના ગામ નમુના નં.૬ હકકપત્રકમાં પડેલ એન્ટ્રી નં.૨૬૩૮ ની ખરી નકલની ઝેરોક્ષ, નીશાની–૩/૨૫ થી એજન એન્ટ્રી નં.૨૬૪૮ ની ખરી નકલ ઝેરોક્ષ, નીશાની–૩/૨૬ થી એજન એન્ટ્રી

નં.૨૮૧૭ ની ખરી નકલ ઝેરોક્ષ, નીશાની–૩/૨૭ થી એજન એન્ટ્રી નં.૩૧૨૨ ની ખરી નકલ ઝેરોક્ષ, નીશાની–૩/૨૮ થી દાવાવાળી જમીન અંગે લખીબેન તે છીમુભાઈ નારણભાઈની વિધવા વિગેરેનાઓ કનેથી ગીરીશભાઈ સવજીભાઈ ધામોલીયાએ કરાવી લીધેલ વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં.૧૩૩૮૮ ની ખરી નકલની ઝેરોક્ષ, નીશાની–૩/૨૯ મોજે ગભેણી, તા.ચોર્યાસી, જી.સુરતના બ્લોક નં.૪૦૬ ની ગામ નમુના નં.૭×૧૨ પ્હાણીપત્રકની ખરી નકલની ઝેરોક્ષ, નીશાની–૩/૩૦ થી એજન જમીનની ગામ નમુના નં. ૮–અ જમીનની ખાતાવહીની ખરી નકલની ઝેરોક્ષ, નીશાની–૩/૩૧ થી એજન જમીનના ગામ નમુના નં.૬ હકકપત્રકમાં પડેલ એન્ટ્રી નં.૨૬૪૯ ની ખરી નકલની ઝેરોક્ષ, નીશાની–૩/૩૨ થી એજન એન્ટ્રી નં.૨૮૧૬ ની ખરી નકલ ઝેરોક્ષ, નીશાની–૩/૩૩ થી એજન એન્ટ્રી નં.૨૯૨૨ ની ખરી નકલ ઝેરોક્ષ, નીશાની–૩/૩૪ થી એજન એન્ટ્રી નં.૨૯૭૧ ની ખરી નકલ ઝેરોક્ષ, નીશાની–૩/૩૫ થી દાવાવાળી જમીન અંગે વાસંતીબેન રતીલાલ વિગેરેનાઓ કનેથી વલ્લભભાઈ કાળાભાઈ પટેલે કરાવી લીધેલ વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં.૧ ૮૮૯૧ ની ખરી નકલની ઝેરોક્ષ, નીશાની–૩/૩૬ થી દાવાવાળી જમીન અંગે વાસંતીબેન રતીલાલ વિગેરેનાઓ કનેથી વલ્લભભાઈ કાળાભાઈ પટેલે કરાવી લીધેલ સુધારાનો વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં.૧૭૬૫૫ ની ખરી નકલની ઝેરોક્ષ, નીશાની–૩/૩૭ થી દાવાવાળી જમીન અંગે ઈશ્વરભાઈ નારાણભાઈ પટેલ કનેથી વલ્લભભાઈ કાળાભાઈ પટેલે કરાવી લીધેલ વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં.૧૧૯૩૫ ની ખરી નકલની ઝેરોક્ષ, નીશાની–૩/૩૮ મોજે ગભેણી, તા.ચોર્યાસી, જી.સુરતના બ્લોક નં.૪૦૮ ની ગામ નમુના નં.૭×૧૨ પ્હીણપત્રકની ખરી નકલની ઝેરોક્ષ, નીશાની–૩/૩૯ થી એજન જમીનની ગામ નમુના નં. ૮–અ જમીનની ખાતાવહીની ખરી નકલની ઝેરોક્ષ, નીશાની–૩/૪૦ થી એજન જમીનના ગામ

નમુના નં.૬ હકકપત્રકમાં પડેલ એન્ટ્રી નં.૬ ની ખરી નકલની ઝેરોક્ષ, નીશાની–૩/૪૧ થી એજન એન્ટ્રી નં.૬૮૮ ની ખરી નકલ ઝેરોક્ષ, નીશાની–૩/૪૨ થી એજન એન્ટ્રી નં.૨૨૧૦ ની ખરી નકલ ઝેરોક્ષ, નીશાની–૩/૪૩ થી એજન એન્ટ્રી નં.૨૩૩૦ ની ખરી નકલ ઝેરોક્ષ, નીશાની–૩/૪૪ થી એજન એન્ટ્રી નં.૨૫૭૦ ની ખરી નકલ ઝેરોક્ષ, નીશાની–૩/૪૫ થી એજન એન્ટ્રી નં.૨૫૭૧ ની ખરી નકલ ઝેરોક્ષ, નીશાની–૩/૪૬ થી એજન એન્ટ્રી નં.૨૬૩૮ ની ખરી નકલ ઝેરોક્ષ, નીશાની–૩/૪૭ થી એજન એન્ટ્રી નં.૨૬૪૯ ની ખરી નકલ ઝેરોક્ષ, નીશાની–૩/૪૮ થી એજન એન્ટ્રી નં.૩૧૨૩ ની ખરી નકલ ઝેરોક્ષ, નીશાની–૩/૪૯ થી દાવાવાળી જમીન અંગે લખીબેન તે છીમુભાઈ નારણભાઈની વિધવા વિગેરેનાઓ કનેથી લલ્લુભાઈ માવજીભાઈ ઉમરીગરે કરાવી લીધેલ વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં.૪૩૭૦ ની આર.ટી.આઈ.હેઠળ મેળવેલ નકલની ઝેરોક્ષ રજુ કરેલ છે.

(૬) પ્રતિવાદી નં.૧૮(એ) થી ૧૮(ઈ) તરફે પોતાની હકીકતના સમર્થનમાં આંક–૨૫ ના લીસ્ટથી નીશાની–૨૫/૧ થી મોજે ગભેણીના બ્લોક નં.૪૦૮ અંગે કરવામાં આવેલ જનરલ પાવર ઓફ એટર્ની યાને કુલમુખત્યારનામાના લેખની નકલ, નીશાની–૨૫/૨ થી મોજે ગભેણીના બ્લોક નં.૪૦૮ અંગે કરવામાં આવેલ રજી. વેચાણ દસ્તાવેજ નં.૪૩૭૦/૨૦૦૦ ની નકલ, નીશાની–૨૫/૩ થી મોજે ગભેણીના બ્લોક નં.૪૦૮ અંગે કરવામાં આવેલ રજી. ડીડ ઓફ કન્ફરમેશન નં.૨૨૯/૨૦૧૪ ની નકલ રજુ કરેલ છે.

(૭) પ્રતિવાદી નં.૧૭ તથા ૧૯ તરફે પોતાની હકીકતના સમર્થનમાં આંક–૩૪ ના લીસ્ટથી નીશાની–૩૪/૧ થી દાવાવાળી જમીનના હકકપત્રક ગામ નમુના નં. ૬ ના પ્રતિવાદીનું નામ દાખલ કરતી પડેલી કાચી નોંધ નં.૨૬૪૮, તા.૩/૧૦/૨૦૦૭ ની નોંધની સર્ટીફાઈડ નકલ ઝેરોક્ષ, નીશાની–૩૪/૨ થી સદર નોંધ બાબતે જમીન મહેસુલ કાયદાની કલમ–૧૩૫ ડી મુજબની નોટીસ અસલ, નીશાની–૩૪/૩ થી પ્રતિવાદી જન્મ જાત ખેડુત ખાતેદાર છીએ તે અંગે મામલતદારશ્રીએ આપેલ પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ, નીશાની–૩૪/૪ થી મામલતદારશ્રી સીટી સુરતને આપેલી અરજીની રીસીવ કોપી ની ઝેરોક્ષ, નીશાની–૩૪/૫ થી એજનના ઈધરા મામલતદારને આપેલ અરજીની ઝેરોક્ષ, નીશાની–૩૪/૬ થી સદરહુ તકરારી જગ્યા અંગે રે. સીવીલ દાવો :૯૨૦/૧૫ ના કામે આંક–૧ ની ઝેરોક્ષ ઓફીસ કોપીની નકલ , નીશાની–૩૪/૭ થી એજનના આંક–૫ ની ઓફીસ કોપીની ઝેરોક્ષ, નીશાની–૩૪/૮ થી એજનના હુકમની નકલ રજુ કરેલ છે.

(૮) વાદીના વિ.વ.શ્રી ને મૌખીક રીતે સાંભળવામાં આવેલ છે. તેઓએ તેમની અરજી તેમજ કાઉન્ટર જવાબ તેમજ રજુ દસ્તાવેજો મુજબ રજુઆત કરેલ છે. તેઓએ તેમની રજુઆતના સમર્થનમાં નીચે મુજબના ચુકાદાઓ રજુ કરેલ છે. તેમાંના પ્રસ્થાપિત સિધ્ધાંતો સાદર વંચાણે લીધેલ છે.

- A.I.R. 1964 MADRAS 353
- A.I.R.1985 KARNATAKA 143
- A.I.R.2004 MADRAS 319
- 2013(9) S.C.C. 221

- 2013 (11−12) SBR 362
- 2014 (2) G.L.H. (U.J.)2
- હિંદુ લગ્ન અધિનિયમની કલમ 5 (ii) C,(iii)
- The Hindu minority & guardianship Act sec.4(a)
- The Hindu minority & guardianship Act sec.12
- The guardian & wards Act 1890 sec.4
- Limitation Act Artical 60
- Limitation Act Artical 65

(૯) **પ્રતિવાદી નં.૧૭ તથા ૧૯ તર્ફે** મૌખીક દલીલો કરેલ છે જે દલીલો તેમના જવાબ તેમજ દસ્તાવેજો મુજબ છે, જે ધ્યાને લીધેલ છે. તેઓએ તેમની રજુઆતના સમર્થનમાં આંક−૪૨ થી રૂલીંગો/જોગવાઈઓ રજુ કરેલા છે, જે નીચે મુજબ છે. સદર રૂલીંગોમાંના પ્રસ્થાપિત સિધ્ધાંતો સાદર વંચાણે લીધેલ છે.

- The Indian Majority Act, 1875 Section −3
- 1997 SCC Vol.9 page 701
- 2013 (0) Supreme (all) page no.1426
- AIR 2018 Ori Page NO.10
- AIR 2019 Supreme Court Page No.2696
- Limitation Act Article 60

(૧૦) સદર કામે પ્રતિવાદી નં.૧૮(એ) થી ૧૮(ઈ) ના વિદ્વાન વકીલશ્રી

ધ્વારા આંક–૪૫ થી લેખીત દલીલો રજુ કરેલ છે અને જણાવેલ છે કે, વાદીની મનાઈ અરજી ખોટી વિગતો પર આધારીત છે અને વાદીએ હાલનો દાવો તથા મનાઈ અરજી અમો શુધ્ધબુધ્ધિ પુર્વકના ખરીદનારને હેરાન પરેશાન કરી અણહકકના નાણાં પડાવવા દાખલ કરેલો હોય અને વાદી ચોખ્ખા હાથે નામદાર કોર્ટમાં આવેલ ન હોય વાદીની મનાઈ અરજી રદ કરવાની જરૂર છે.

હાલના દાવામાં વાદીએ પાના નં. ૫ ઉપર પેરા–૨ માં મિલકતો/જમીનોનું વર્ણન કરેલુ છે તે પૈકી અમો પ્રતિવાદી નં.૧૮(એ) થી ૧૮(ઈ) ને ફકત મોજે : ગભેણીના સર્વે નં. ૩૫૭, ૪૨૫ બ્લોક નં.૪૦૮ ક્ષેત્રફળ ૧૧૦૫૯ વાળી ખેતીની જમીન સાથે જ નીસ્બત છે. તે સીવાય અન્ય કોઈ જમીન સાથે અમો પ્રતિવાદીઓને કોઈ લેવા–દેવા નથી. દાવા અરજીમાં પેરા–૨ પાના નં.૫ ઉપર અનુક્રમ નં.૪ થી બ્લોક નં.૪૦૮ વાળી મીલકતનું વર્ણન કરવામાં આવેલ છે.

આ કામમાં અમો પ્રતિવાદી તર્ફે વાદીની દાવા અરજી તથા મનાઈ અરજી વિરૂધ્ધ લેખીત જવાબ તા.૧૧/૦૬/૨૦૧૯ ના રોજ રજુ કરવામાં આવેલ છે તથા અમારા જવાબ સાથે દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ ૧ થી ૩ રજુ કરવામાં આવેલ છે. જે ધ્યાને લેવા નામ. કોર્ટને અરજ છે.

વાદીની મનાઈ અરજીના પેરા ૨ માં જે જુદી–જુદી જમીનનો ઉલ્લેખ કરેલ છે તે તમામ જમીનો પૈકી ઉપર દર્શાવ્યા મુજબ અમો પ્રતિવાદીઓને માત્ર મોજે ગભેણીના સર્વે નં.૩૫૭, ૪૨૫ જેનો બ્લોક નં.૪૦૮ જેનું ક્ષેત્રફળ ૧૧૦૫૯ ચો. મી. અંગે નિસ્બત છે તે સીવાય બીજી કોઈ મીલકત સાથે પ્રતિવાદીઓને લેવા દેવા કે હકક સંબંધ નથી સદર બ્લોક નં.૪૦૮ વાળી કુલે જમીન હમો પ્રતિવાદીઓએ કાયદેસરની રજી. વેચાણ દસ્તાવેજને આધારે શુધ્ધબુધ્ધિપુર્વક વર્તી ખરીદ કરેલ છે જે અંગેનો રજી. વેચાણ દસ્તાવેજ મહેરબાન સુરતના સબ રજી. નં. ૨ (ઉધના) રૂબરૂ તા.૮/૧૧/૨૦૦૧ ના રોજ નોંધાયેલ છે તેનો જુનો નં.૬૨૬૧ તથા

નવો નં.૪૩૭૦ તા.૨૦/૦૬/૨૦૦૨ છે જે કાયદેસરનો રજી. વેચાણ દસ્તાવેજ કરાવી લેનાર તરીકે અમો પ્રતિવાદીઓના વડીલ લાલુભાઈ માવજીભાઈ ઉમરીગર છે જેઓ ગુજરી ગયેલ છે સદર રજી. વેચાણ દસ્તાવેજ કરી આપનાર તરીકે (૧) લખીબેન તે છીમુ નારણની વિધવા (૨)જયંતિભાઈ છીમુભાઈ (૩) સુમિત્રાબેન તે કીશોરભાઈ છીમુભાઈની વીધવા જાતે પોતે તથા સગીર પુત્ર અરૂણ તથા સગીર પુત્ર નિકુલના વાલી અને ઈસ્ટ મિત્ર તરીકે (૪) રમેશભાઈ છીમુભાઈ (૫) સવીતાબેન છીમુભાઈ છે આમ, વાદી આનંદકુમાર ઉર્ફે અરૂણના કુદરતી વાલી તરીકે તેમના માતા પ્રતિવાદી નં.૫ નાઓએ પણ વેચનાર તરીકે પ્રતિવાદીઓના લાભમાં રજી. વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે જે રજી. વેચાણ દસ્તાવેજની નકલ અમો પ્રતિવાદી તરફે તા.૧૧/૬/૨૦૧૯ ના રોજના લીસ્ટમાં નીશાની–૨ થી રજુ રાખેલ છે તથા વાદીએ પોતે આંક–૩/૪૯ થી રજુ કરેલ દસ્તાવેજી પુરાવાઓમાં રજુ છે. આ રજી. વેચાણ દસ્તાવેજની રજીસ્ટ્રેશન તા.૨૦/૦૬/૨૦૦૨ ધ્યાને લેવામાં આવે તો ત્યારબાદ વાદીએ હાલનો દાવો તા.૦૧/૦૧/૨૦૧૯ ના રોજ એટલે કે, આશરે ૧૬ (સોળ) વર્ષ ઉપરાંતના સમય બાદ ચેલેન્જ કરેલ છે લીમીટેશન એકટના આર્ટીકલ–૫૯ ની જોગવાઈ મુજબ વાદીએ રજીસ્ટ્રર દસ્તાવેજ ૩ (ત્રણ) વર્ષની મર્યાદામાં ચેલેન્જ કરવો પડે પરંતુ અહીં વાદીએ ૧૬ વર્ષ બાદ ચેલેન્જ કરેલ છે. વાદી સીવાય વાદીની માતા પ્રતિવાદી નં.૫ નાઓએ કે વાદીના સગા ભાઈ નીકુંજ પ્રતિવાદી નં.૬ કે કુટુંબના અન્ય કોઈ પણ સભ્યોએ પણ પ્રતિવાદીઓના નામનો દસ્તાવેજ આજ દિન સુધી ચેલેન્જ કરેલ નથી. જે હકીકત મહત્વની અને સુચક છે અને આ હકીકત સાબીત કરે છે કે વાદીએ બીનજરૂરી અને કારણ વીનાનો દાવો દાખલ કરેલ છે જેથી તેમની મનાઈ અરજી રદ કરવાની જરૂર છે.

ઉપરાંત વાદીની જન્મ તારીખ વાદીએ પોતે નીશાની–૩/૧ થી જે સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ રજુ કરેલ છે તેમાં તા.૬/૭/૧૯૯૫ ની દર્શાવવામાં આવેલ

છે અને તે રીતે ધ્યાને લેવામાં આવે તો વાદી ૨૦૧૩/૧૪ ની સાલમાં ૧૮ વર્ષના એટલે કે પુખ્તવયના થયેલા કહેવાય અને લીમીટેશન એકટના આર્ટીકલ–૬૦ ની જોગવાઈ મુજબ વાદીએ તેઓ પુખ્તવયના થયા બાદ ૩ વર્ષમાં દાવો કરી પ્રતિવાદીઓના લાભનો રજી. વેચાણ દસ્તાવેજ ચેલેન્જ કરવો પડે તેને બદલે વાદીએ દાવાના મથાળામાં દર્શાવ્યા પ્રમાણે ૨૩ વર્ષના થયા ત્યારે તેમણે હાલનો દાવો કરેલ છે જે દેખીતી રીતે મુદ્દત બહારનો છે.

સદર કામે પ્રતિવાદી નં.૧૮(એ) થી ૧૮ (ઈ) નાઓએ આંક–૪૬ ના લીસ્ટથી નામદાર ઉચ્ચઅદાલતોના ચુકાદાઓ રજુ કરેલ છે.

- 1996 (0) GLHEL-SC 19116
- 2008 (0) GLHEL-SC 41780
- 2014 (0) AIJEL-HC 232486
- AIR 2009 BOMBAY 27
- AIR 2020 GUJARAT 1
- AIR 2013 UTTARAKHAND 52
- AIR 2012 KERALA 110
- AIR 2015 MADRAS 281
- 2006 (0) GLHEL-SC 37185S
- The Hindu Minority and Guardianship Act, 1956- Section 4 (a)

(૧૧) પ્રતિવાદી નં.૯ (બી)(સી) તર્ફેના વિ.વ.શ્રી નિતીન ઠાકર તેમજ પ્રતિવાદી નં.૧૬ ના વિ.વ.શ્રી એચ.વાય દેસાઈને સાંભળેલ છે. તેઓએ પણ અન્ય પ્રતિવાદીઓની અગાઉ નોંધેલ રજુઆત મુજબ જ વાદીની હાલની અરજી સામે વાંધો લીધેલ છે.

અત્રે એ નોંધનીય છે કે સદર કામના તમામ પ્રતિવાદીઓને

સમન્સ/નોટીસ ધોરણસર બજી ગયેલ છે.

(૧૨) ઉપરોકત હકીકતના આધારે સદર કામના નિર્ણય અર્થે, મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે :–

૧. શું વાદીનો પ્રથમદર્શનીય કેસ છે ?

૨. શું વાદીને માંગ્યા મુજબનો વચગાળાનો મનાઈ હુકમ આપવામાં ન આવે તો વાદીને નાણાંમાં ભરપાઈ ન થઈ શકે તેવું પારાવાર નુકશાન થાય તેમ છે?

૩. શું સગવડતા અગવડતાનું પલ્લુ વાદીની તરફેણમાં છે ?

૪. શું હુકમ ?

(૧૩) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે :–

૧. નકારમાં.

૨. નકારમાં.

૩. નકારમાં.

૪. હુકમ મુજબ.

કારણો

(૧૪) મુદા નં.૧ થી ૩_એકબીજાને સંલગ્ન હોય પુનરાવર્તન ટાળવાના હેતુથી ત્રણેય મુદ્દાઓની ચર્ચા એકસાથે કરવામાં આવે છે.

સદર કામે વાદીએ તેમના દાવા અંતર્ગત હાલની અરજી કરી દાવાવાળી મિલ્કત પ્રતિવાદીઓ અન્ય કોઇને કોઈપણ રીતે તબદીલ કરે કરાવે નહી તેમજ દાવાવાળી મિલ્કતમાં કોઈપણ પ્રકારના ખોદકામ, બાંધકામ વિગેરે પ્રકારના કૃત્ય કરે/કરાવે નહી તેવો દાવાના આકરી નિકાલ સુધી દરમ્યાન મનાઈ

હુકમ માંગેલ છે. વાદી તર્ફે મુખ્યત્વે રજુઆત છે કે તેઓના વાલી/માતા એ દાવાવાળી જમીન અંગે કરેલ તમામ વેચાણ વ્યવહારો ખોટા અને ગેરકાયદેસરના છે. જે તે વખતે તેઓ સગીર હતા અને તે વખતે તેઓના માતૃશ્રીએ દાવાવાળી જમીનના જે વેચાણ વ્યવહારો કરેલા તે તેઓના હીતમાં કરેલા નથી કે તે વેચાણ વ્યવહારો પેટે મળેલી રકમમાંથી તેઓને કોઇ લાગભાગ કે હિસ્સો ચુકવેલ નથી. વાદીનુ વધુમાં કહેવુ છે કે તેઓ પુખ્તવયના થતા આવા વેચાણ વ્યવહારની જાણ થતા હાલનો દાવો કરી દાવાવાળી મિલ્કતમાં તેમનો હક્ક હિસ્સો અલગ કરી આપવા અને દાવો ચાલતા સુધી પ્રતિવાદીઓ દાવાવાળી મિલ્કત અન્ય કોઇને તબદીલ કરી દે નહી તેવો દરમ્યાન મનાઇ હુકમ ફરમાવવા વિનંતી કરેલ છે. વધુમાં વાદીએ જણાવેલ છે કે જે તે વખતે અમારા માતૃશ્રીએ દાવાવાળી મિલ્કતના વેચાણ વ્યવહારો કર્યા તે વખતે નામ.ડિસ્ટ્રીક્ટ કોર્ટની કોઇ પરવાનગી પણ લીધેલ નથી તેથી પણ થયેલ વેચાણ વ્યવહારો ગેરકાયદેસરના ગણાય. સદર મુદ્દા/તકરાર બાબતે પ્રતિવાદીઓનુ કહેવુ છે કે તેઓ દાવાવાળી મિલ્કતોના શુધ્ધ બુધ્ધીથી અવેજ ચુકવીને ખરીદનારા છે. દાવાવાળી મિલ્કતમાં તેઓનો ઘણા લાંબા સમયથી કબ્જો છે. વાદીના માતૃશ્રીએ વાદીને દાવાવાળી મિલ્કતમાંથી વાદીના ભાગની મિલ્કતના વેચાણની રકમ ચુકવી નથી તે તેઓ બંન્ને વચ્ચેનો પ્રશ્ન છે. વાદીના માતૃશ્રી તે વાદીના કુદરતી વાલી ગણી શકાય તેથી કાયદાકીય જોગવાઇઓ મુજબ સગીરના ભાગની મિલ્કતના વેચાણ વ્યવહાર કરતી વખતે તેમની માતા કુદરતી વાલી થતા હોવાથી સગીરના હીતમાં વેચાણ વ્યવહાર કરી શકે છે તે બાબતે કોઇ પરવાનગી લેવાની જરૂર હોતી નથી. વાદીએ અન્ય પ્રતિવાદી એટલે કે તેમના ભાઇ તથા માતૃશ્રી સાથે મેળાપીપણામાં પૈસા પડાવવા હાલનો ખોટો કેસ કરેલો છે. પ્રતિવાદીઓએ વધુમાં જણાવેલ છે કે વાદીએ કાયદાકીય જોગવાઇઓ મુજબ

સમયસર દાદ માંગેલ નથી અને આટલા લાંબા વર્ષો બાદ તકરાર ઉભી કરી છે જે ચાલવા પાત્ર નથી. પ્રતિવાદીઓએ તેમની આવી રજુઆતના સમર્થનમાં નામ.ઉચ્ચ અદાલતના ચુકાદાઓ રજુ કરી અરજી રદ કરવા વિનંતી કરેલ છે. સદર મુદ્દા બાબતે બંન્ને પક્ષોની રજુઆત, રજુ દસ્તાવેજો, કાયદાકીય જોગવાઇઓ, નામ.ઉચ્ચ અદાલતના ચુકાદાઓમાંના પ્રસ્થાપિત સિધ્ધાંતો વિગેરે ધ્યાને રાખી જોતા પ્રતિવાદીઓની રજુઆતમાં વજુદ જણાય છે, એટલે કે વાદીએ જે તે વખતે કોઇ તકરાર લીધેલ નથી અને ઘણા લાંબા સમય બાદ તકરાર ઉપસ્થીત કરેલ છે. દાવાવાળી મિલ્કતોનો કબ્જો પ્રતિવાદીઓનો છે. પ્રતિવાદીઓ બોનાફાઇડ પર્ચેઝર છે. પ્રતિવાદીઓ તર્ફે રજુ ચુકાદાઓ 1996 (0) જી.એલ.એચ.ઇ.એલ. (એસ.સી.) 19116 નારાયણ લાલ વિ. શ્રીધર સુતાર , એ.આઇ.આર. 2020 (ગુજરાત) શશીબેન વિ. સ્ટેટ ઓફ ગુજરાત, 2014 (0) એ.આઇ.જે.ઇ.એલ. 232486 લક્ષ્મીબેન પટેલ વિ. ધવલ પટેલ, એ.આઇ.આર. 2013 ઉત્તરાખંડ 52 માંના પ્રસ્થાપિત સિધ્ધાંતો પ્રતિવાદીની રજુઆતને સમર્થન કરે છે. તેમાં જણાવેલ છે કે માતા તે કુદરતી વાલી છે અને તેના દ્વારા થયેલુ વણ વહેચાયેલ સંયુક્ત મિલ્કતનુ સગીરના ભાગના વેચાણ માટે તેમની માતાને કોઇ પરવાનગી લેવાની જરૂર નથી, બોનાફાઇડ પર્ચેઝરે યોગ્ય કાર્યવાહીથી મિલ્કત ખરીદી હોય તો તે મિલ્કતને ભોગવતા અટકાવી શકાય નહી, દરમ્યાન મનાઇ હુકમના નિર્ણય વખતે પક્ષકારોની વર્તુણંક પણ ધ્યાને લેવી જોઇએ અને કોર્ટે જોવુ જોઇએ કે વેચાણ દસ્તાવેજ વખતે કોઇ ફ્રોડ થયેલ છે કે કેમ ? આમ પ્રતિવાદીઓ તર્ફે રજુ ચુકાદાઓ ધ્યાને લેતા પણ વાદીનો કોઇ પ્રાયમાફેસી કેસ ન હોવાનુ હાલના તબક્કે જણાઇ આવે છે. નાણામાં ભરપાઇ ન કરી શકાય તેવુ નુકશાન પણ પ્રતિવાદીને થાય તેમ છે કારણ કે તેઓ બોનાફાઇડ પર્ચેઝર છે

અને દાવાવાળી મિલ્કતનો કબ્જો તેઓની પાસે છે. બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ પ્રતિવાદીની તરફેણમાં છે કારણ કે દાવાવાળી મિલ્કત બાબતે જે તે વખતે યોગ્ય કાર્યવાહી કરી તેઓએ વેચાણ અવેજ ચુકવી મિલ્કત ખરીદેલ છે અને જે તે વખતે વાદીએ કોઇ તકરાર લીધેલ નથી અને વાદીનુ કહેવુ છે કે તેઓને કોઇ લાગભાગ મળેલ નથી તે હકીકત પુરાવાનો વિષય છે અને વાદી તેમજ તેમના માતૃશ્રી ની વચ્ચેનો પ્રશ્ન છે. તેવા સંજોગોમાં શુધ્ધ બુધ્ધીથી ખરીદનારને શુધ્ધ બુધ્ધી થી ખરીદેલ મિલ્કતને ભોગવતા અટકાવી શકાય નહી. વધુમાં પ્રતિવાદીઓનુ કહેવુ છે કે પ્રતિવાદી નં.૫,૬ (વાદીના માતૃશ્રી અને ભાઇ) અને વાદી એકજ ઘરમાં રહે છે અને મેળાપીપણામાં હાલનો દાવો કરેલ છે તે હકીકત પણ પુરાવાનો પ્રશ્ન છે. વળી પ્રતિવાદી નં.૯ (એ)(બી)(સી) એ કરેલ ડીડ ઓફ કન્ફર્મેશન પણ પ્રતિવાદીની રજુઆતને સમર્થન કરે છે. વળી વાદીના અન્ય કુટુંબીજનો/પ્રતિવાદીઓએ હાલના કામે હાજર થઇ થયેલ વેચાણ બાબતે તકરાર લીધેલ નથી કે કોઇ સ્પષ્ટતા કરેલ નથી. વાદીનુ કહેવુ છે કે તેઓને તેમની માતૃશ્રી સાથે અણબનાવ બનેલ છે તો તે બંન્ને વચ્ચેનો પ્રશ્ન છે અને પુરાવાનો પ્રશ્ન છે. વાદીનુ વધુમાં કહેવુ છે કે પ્રતિવાદી નં.૬ (વાદીના ભાઇ) ને હક્ક હિસ્સો જોઇએ છે પણ પ્રતિવાદી નં.૫ (વાદીના માતૃશ્રી) સાથે તેઓ રહેવા માંગે છે તો તે તેઓનો પ્રશ્ન છે અને પુરાવાનો પ્રશ્ન છે. વળી વાદીનુ કહેવુ છે કે વાદી સાથે તેમની માતા (પ્ર.વાદી નં.૫) નાએ અણછાજતુ વર્તન કરી કઇ આપવાનુ ઇન્કાર કરેલ છે તો તે તેમની વચ્ચેનો પ્રશ્ન છે અને તેને હાલના તબક્કે તેના સંજોગો વિશે ખબર પડી શકે નહી તેવુ આ અદાલતનુ માનવુ છે. વળી કેસ રેકર્ડે રજુ પ્લીડીંગ્સ તેમજ દસ્તાવેજો ધ્યાને લેતા સગીરના હીત અને ફાયદામાં વેચાણ કર્યાનુ તેમના માતૃશ્રીએ કબુલ રાખેલ છે અને તેમના માતૃશ્રી તેમના કુદરતી વાલી છે. તેવા સંજોગોમાં વાદીને તેવો

વેચાણ વ્યવહાર કબુલ નથી તે પુરાવાનો વિષય છે. વળી પ્રતિવાદીના કહેવા મુજબ સને ૨૦૧૫ માં વાદીએ પ્રતિક જમુભાઇ પટેલને કુલમુખત્યારનામુ કરી આપેલ ત્યારેજ તેઓ સદરહુ વેચાણ વ્યવહારથી માહીતગાર હતા તેમ છતા તેઓએ તે વખતે સમયસર વાંધો લીધેલ નથી જોકે વાદી તેવુ કુલમુખત્યારનામુ થવા બાબતે ઇન્કાર કરે છે જે પુરાવાનો વિષય છે. વાદી તર્ફે રજુ ચુકાદાઓમાંના પ્રસ્થાપિત સિધ્ધાંતો સાદર વંચાણે લીધેલ છે પરંતુ હાલના કેસના સંજોગો અને હકીકતો જુદા હોય તેઓને મદદરૂપ બની શકે તેમ નથી તેવુ આ અદાલતનુ માનવુ છે.

આમ ઉપર્યુક્ત તમામ સંજોગો ધ્યાને લેતા વાદીનો કોઇ પ્રાયમાફેસી કેસ નથી. બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીની તરફેણમાં નથી. નાણામાં ભરપાઇ ન થઇ શકે તેવુ નુકશાન પણ વાદીને થાય તેમ નથી. તેથી વિરૂધ્ધ જો દરમ્યાન મનાઇ હુકમ આપવામાં આવે તો દાવાવાળી મિલ્કતના કબ્જેદાર એવા પ્રતિવાદીઓને તેમના હક્ક અધિકારોને નુકશાન થાય તેમ છે તેવુ હાલના તબક્કે આ અદાલતનુ માનવુ છે. વાદીના માતૃશ્રીએ જે તે વખતે દાવાવાળી મિલ્કતો પ્રતિવાદીઓને વેચાણ આપેલી છે અને વાદીને તે દાવાવાળી મિલ્કતના વેચાણ અવેજની રકમ મળી નથી તેવી તકરાર તેઓ વચ્ચેની છે. આટલા લાંબા વર્ષો બાદ જ્યારે વાદીના ભાઇ તેમજ માતૃશ્રીએ કે અન્ય કોઇ વ્યક્તિએ દાવાના વેચાણ બાબતે રેકર્ડ ઉપર કોઇ તકરાર લીધેલ નથી. તેવા સંજોગોમાં વાદીનો કોઇ પ્રાયમાફેસી કેસ હોવાનુ હાલના તબક્કે જણાઇ આવતુ નથી. આમ પ્લીડિંગ્સ, રજુ દસ્તાવેજો, રજુ નામ.ઉચ્ચ અદાલતના ચુકાદામાંના પ્રસ્થાપિત સિધ્ધાંતો, ઇક્વીટીનો સિધ્ધાંત, મનાઇ હુકમના કાયદાનો હેતુ વિગેરે ધ્યાને રાખી જોતા વાદીએ પુરવાર કરવાના ત્રણેય મુદ્દાઓનો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૪

બાબતે નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

—:હુકમ:—

(૧) સદરહુ અરજી આથી '' **નામંજુર** '' કરવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

(ર) સદર અરજીનો ખર્ચ દાવાના આખરી પરિણમને અનુસરશે.

આ હુકમ આજ તારીખ **૨૨** મી માહે **ઓકટોબર** સને **૨૦૨૦** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૨ / ૧૦ /૨૦૨૦
મુકામ—સુરત.

(નરેન્દ્રકુમાર જેઠાલાલ નાયી)
૮ માં એડી.સીની.સીવીલ જજ
અને એ.સી.જે.એમ.,સુરત
(GJ00894)